બોલતાં જીવનો

ભાગ - ૨




# સ્વર્ગીય માણસ
# બ્રધર યુન

જે રીતે, સમગ્ર ચીનની ખ્રિસ્તી ઘરમંડળીઓમાં બ્રધર યુન એક અદના અને આત્મિક સુવાર્તિક તરીકેની તેમની સાક્ષી, અનુભવો અને હિંમતને કારણે વિખ્યાત થઈ ગયા હતા. તે રીતે ચીનની સંરક્ષણ ટુકડીઓ, છૂપી પોલીસ અને જેલ અધિકારીઓ મધ્યે તેઓ જેલોમાંથી યેનકેન પ્રકારે નાસી છૂટનાર, નાકે દમ લાવનાર અને ગમે તેવી ક્રૂર યાતનાઓ સહન કરી લેનારા રીઢા ભાગેડુ ગુનેગાર તરીકે કુખ્યાત થઈ ગયા હતા!

બ્રધર યુનને ત્રીજી વખત શોધી કાઢીને સંરક્ષણ પોલીસે જેલમાં પૂરી દીધા. આ ધરપકડથી બચવા બ્રધર યુને બીજા માળની બારીએથી કૂદકો મારી દીધો હતો! આથી તેમના પગોમાં ઈજા થઈ હતી. પોલીસો આ વખતે ભયંકર ગુસ્સામાં હતા. તેઓ યુનને પાઠ ભણાવવા માટે મક્કમ હતા. અગાઉની માફક આ વખતે યુન ભાગી ન જાય તે માટે પોલીસોએ તેમને એક રૂમમાં લઈ જઈને પુષ્કળ માર માર્યો. તેમના ઈજાગ્રસ્ત એવા બન્ને પગોમાં લગાતાર દંડા મારીને તેમને નિર્જીવ બનાવી દીધા. બ્રધર યુનના બન્ને પગ ઘૂંટણોથી નીચેના ભાગે સંપૂર્ણપણે કાળા પડી ગયા. ફરી ભાગી ન જાય તે સારુ પોલીસોએ તેમને હંમેશને માટે અપંગ બનાવી દીધા.

વિશાળ ચીન દેશમાં સૌથી વધુ સુરક્ષિત ગણાતી અને જેમાંથી આજ સુધી કોઈપણ કેદી ભાગી શક્યો નથી, એવી જેલ 'ઝેંગઝોઉ મેક્સિમમ સિક્યોરિટી પ્રિઝન'માં બ્રધર યુનને રાખવામાં આવ્યા. તેમના આત્મિક માર્ગદર્શક બ્રધર ઝુ અહીં પહેલેથી જ કેદ હતા. અપંગ યુનને જેલ અધિકારીઓની ઓફિસને અડીને આવેલી એક અલાયદી કોટડીમાં રાખવામાં આવ્યા. રોજ સવારે આઠ વાગ્યે તેમને આ કોટડીમાંથી કાઢીને શિક્ષા કરવાની ટોર્ચર રૂમમાં લઈ જવામાં આવતા. અહીં પોલીસો પાળીઓ બદલી બદલીને યુનને સતત મારતા. ઘણીવાર સતત ચોવીસ કલાક સુધી તેઓ યુનને ત્રાસ આપતા. બ્રધર ઝુને યુનને બાથરૂમ, શિક્ષારૂમ અને જેલ કોટડી વચ્ચે લાવવા લઈ જવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આથી યુનને બ્રધર ઝુ સાથે વાત કરવાની અને પ્રાર્થના કરવાની તથા ઉત્તેજન પ્રાપ્ત કરવાની તક મળતી હતી.

દરમ્યાન બ્રધર યુનની પત્ની ડેલીંગ તથા તેમની મંડળીના ૧૨૦ વિશ્વાસીઓને પણ નાન્યાંગમાંથી પકડી

લઈને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. બ્રધર યુનના પગ નક્કામા કરી નાંખ્યા હોવા છતાં પોલીસને ડર હતો કે યુન ભાગી જવાની કોશિશ કરશે. આથી એક પોલીસ અધિકારીને અંદરની બાતમીઓ મેળવવા નકલી ખ્રિસ્તી કેદી બનાવીને સરકારે બ્રધર ઝુની કોટડીમાં પૂર્યો. ખ્રિસ્તી હોવાના પુરાવારૂપે ખુદ સરકારે બાઇબલની એક નકલ પણ આ નકલી કેદીને આપી. વચનના ભૂખ્યા બ્રધર ઝુ, બ્રધર યુન અને અન્ય ખ્રિસ્તી કેદીઓને આ કપરા કાળમાં વિશ્વાસમાં દૃઢતા કેળવવા તથા પ્રોત્સાહન પામવા સરકારી બાઇબલ ખૂબ જ કામમાં આવ્યું! નકલી કેદી મરણતોલ બીમાર પડતા બ્રધર યુને પોતાને સારવાર કરતા આવડતું હોવાનું સંત્રીને જણાવીને તેની સાથે વાતો કરવાની તક મેળવી લીધી. પ્રથમ જ મુલાકાતમાં બ્રધર યુને તેના સાજાપણા માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરી અને તે સાજો થઈ ગયો. વખત જતા નકલી કેદી બનીને આવેલો આ પોલીસ અધિકારી પોતે ખ્રિસ્તના વિશ્વાસમાં દોરવાયો! બ્રધર યુનની 'સારવાર'નો લાભ ઘણા કેદીઓએ લીધો અને તેઓ ખ્રિસ્તના અનુયાયીઓ બન્યા!

બ્રધર યુનના પગ એટલા બધા ખરાબ થઈ ગયા હતા કે તેઓ બન્ને પગને જેલ કોટડીની ભીંતે ટેકવીને તેમાં થતા રક્તસંચારને રોકે તો જ તેમને ઊંઘ આવતી. જેલના પોલીસો બ્રધર યુનને 'ચક્રમ' અને 'લંગડા' તરીકે બોલાવતા. બ્રધર યુનની પત્નીને પણ જેલમાં પૂરી દેવામાં આવી હતી. તેમનાં બે બાળકોનું શું થયું તેની પતિ કે પત્ની બેમાંથી એકેયને જાણ નહોતી. એ સમયે ઓગણચાલીસ વર્ષના બ્રધર યુન દિવસે દિવસે હતાશામાં ધકેલાતા જતા હતા. જો કે ઉપર ઉપરથી તેઓ તૂટી ગયા નથી તેવો દેખાવ અને વર્તન કરતા. તેમના જીવનના સૌથી નિરાશાજનક એવા આ તબક્કે તેમણે અતિશય દુઃખ સાથે ઈશ્વરને કઠોર ફરિયાદ કરી. બ્રધર યુને ઈશ્વરને કહ્યું કે, “હું જ્યારે સાવ યુવાન હતો ત્યારે તમે મને દક્ષિણ અને પશ્ચિમમાં સુવાર્તા ફેલાવવાનો આદેશ આપ્યો. અત્યાર સુધી મેં તેમ કર્યું પણ ખરું. પણ હવે હું તેમ કેવી રીતે કરી શકીશ? આ જેલની કોટડીમાં કચડી નાંખવામાં આવેલા પગો અને અસહ્ય માર અને ત્રાસથી નિર્બળ થઈ ગયેલા શરીરે હું પડી રહ્યો છું. અહીં સડીને મરી ન જાઉં ત્યાં સુધી હવે આ લોકો મને બહાર કાઢવાના નથી. હું મારી પત્નીને, મારાં બાળકોને, મારા કુટુંબને ફરી કદી પણ જોઈ શકવાનો નથી. પ્રભુ તમે મને છેતર્યો છે.”

આ પ્રાર્થના કર્યા બાદ બ્રધર યુનને બ્રધર ઝુએ કહ્યું કે, ઈશ્વરે તેમને જણાવ્યું છે કે તું બ્રધર યુનને કહે કે, આ જેલમાંથી નાસી જવાનો પ્રયત્ન કરે. યુને તેમને કહ્યું કે આ અપંગાવસ્થામાં હું ચાલી પણ શકતો નથી ત્યારે આ લોખંડી જેલમાંથી ભાગવાનો તો વિચાર પણ કેવી રીતે કરી શકું? બીજે દિવસે સવારે બ્રધર યુન જાગ્યા ત્યારે ઊઠતાવેંત આવનાર પ્રથમ વિચાર તરીકે ઈશ્વરે તેમના મનમાં હિબ્રૂ ૧૦: ૩૫ની કલમ યાદ દેવડાવી: 'તેથી તમારા વિશ્વાસનો જે મોટો બદલો મળવાનો છે, તેને નાખી ન દો.' તેઓ સંપૂર્ણ જાગૃત અવસ્થામાં હોવા છતાં તેમને એક શક્તિશાળી દર્શન પણ થયું. તેમણે જોયું કે તેમની પત્ની ડેલીંગ તેમની બાજુમાં બેઠી હતી. તેને જેલમાંથી મુક્ત કરવામાં આવી હતી. ડેલીંગ કશીક ઔષધિઓનું મિશ્રણ કરીને યુનના ઘા ઉપર લગાવી રહી હતી. યુને ખૂબ જ ઉત્તેજિત થઈને ડેલીંગને પૂછ્યું કે, “શું તને છોડી મૂકવામાં આવી છે?” ડેલીંગે ઉત્તર આપ્યો કે, “તમે શા માટે આ લોખંડી દરવાજો ખોલતા નથી?”. આમ આ દર્શન પૂરું થયું. ઈશ્વરનો અવાજ બ્રધર યુનને સંભળાયો કે, “આ તારી તારણની ઘડી છે.”

એટલામાં જ બ્રધર ઝુએ યુનની પાસે આવીને ફરી એકવાર કહ્યું કે તારે ભાગી જવું જોઈએ. યુનને ખાત્રી થઈ ગઈ અને તેમણે પ્રાર્થના કરી કે, “પ્રભુ, તમે મને વચન, દર્શન અને બ્રધર ઝુની સૂચના દ્વારા દર્શાવ્યું છે કે મારે જેલમાંથી ભાગવાનો પ્રયત્ન કરવો જોઈએ. હું હવે તમારી આજ્ઞા માનીને નાસી છૂટવાનો પ્રયત્ન કરનાર છું. પરંતુ જ્યારે જેલના સંત્રીઓ મારી ઉપર ગોળીઓ વરસાવે ત્યારે કૃપા કરીને મારા આત્માને તમારા સ્વર્ગીય આવાસમાં આવકારજો.”

પાંચમી મે, ૧૯૯૭ના દિવસે સવારે આઠ વાગ્યાના સમયે કે જ્યારે જેલમાં પુષ્કળ ચહલપહલ હોય અને એકેએક સંત્રી પોતાના સ્થાને ખૂબ જ સતર્કતાથી ફરજ બજાવી રહ્યા હોય તેવા સમયે બ્રધર યુન ત્રીજા માળે આવેલી પોતાની કોટડીમાંથી નીકળીને મુખ્ય લોખંડી દરવાજા તરફ ચાલવા લાગ્યા. જ્યાં તેઓ બરાબર એ બંધ દરવાજે પહોંચ્યા ત્યાં જ એક વિશ્વાસી કેદીને અંદર આવવા માટે એ દરવાજો ખૂલ્યો. એ સમયે બ્રધર યુન એ પ્રથમ દરવાજાની બહાર નીકળી ગયા. નીચે બીજે માળે

ઊતરવાની સીડી પાસે પડેલી એક સાવરણી લઈને તેઓ બીજા માળના એવા જ તોતિંગ લોખંડી દરવાજે આવી પહોંચ્યા. પવિત્ર આત્માએ બ્રધર યુનને કહ્યું, "જા! પિત્તરનો પ્રભુ તે તારો પ્રભુ છે."

બીજા માળના દરવાજે ઊભેલો સંત્રી બ્રધર યુનની સામે જોઈ રહ્યો હતો. દરવાજો ખુલ્લો હતો. બ્રધર યુનને લાગ્યું કે કોઈક રીતે પ્રભુએ આ સંત્રીને અંધ બનાવી દીધો છે. યુનની સામે જ જોઈ રહ્યો હોવા છતાં તેની આંખો યુનની હાજરી જ ન હોય તેવી રીતે વર્તી રહી હતી. યુનને લાગ્યું કે હમણાં સંત્રી પોતાને કંઈક કહેશે પણ તે સંત્રી તો બ્રધર યુન જાણે અદૃશ્ય હોય તેમ તેમની સામે જ જોતો હોવા છતાં જાણે કે યુનની આરપાર જોઈ રહ્યો હતો! સંત્રીને પસાર કરીને આગળ વધી રહેલા બ્રધર યુને પાછળ ફરીને જોયું નહીં. તેઓ તેમની પીઠમાં ગોળીબાર થવાની રાહ જોતાં જોતાં આ ઘડીને પોતાની આખરી ઘડી જાણી સતત પોતાના આત્મા માટે પ્રાર્થના કરી રહ્યા હતા. કોઈ જ ગોળીબાર થયો નહીં અને યુન સીડી ઊતરીને નીચે પ્રથમ માળના દરવાજે આવીને ઊભા રહ્યા. દરવાજાની બન્ને બાજુ સંત્રીઓ ઊભા હતા અને દરવાજો ખુલ્લો હતો! એક જ લયમાં ચાલતાં ચાલતાં બ્રધર યુન પ્રથમ માળના દરવાજાને તથા સંત્રીઓને પાર કરીને નીચે જેલના ચોકમાં આવીને ઊભા રહ્યા.

બ્રધર યુને હાથમાં રહેલી સાવરણી ફેંકી દીધી. સવારના એ કોમળ તડકામાં વિશાળ ચોક કે આંગણમાં ડગલેને પગલે ઊભેલા સંત્રીઓને વટાવીને જેલના સૌથી મુખ્ય દરવાજે તેઓ આવી પહોંચ્યા. એકપણ સંત્રીએ તેમને કશું જ કહ્યું નહીં. જેલનો મુખ્ય દરવાજો કે જે અનેક સત્તાવાર વિધિઓ બાદ થોડીક ક્ષણો માટે માંડ ખૂલતો હોય તે પણ તેમની સામે ખુલ્લો હતો. મુખ્ય દરવાજો વટાવીને તેઓ ખુલ્લા માર્ગ ઉપર આવી ગયા!

એક ટેક્સીમાં બેસીને તેઓ એ શહેરમાં આવેલા એક વિશ્વાસીને ઘેર ગયા. આ કુટુંબ તેમને આવકારવા તૈયાર હતું. બ્રધર યુનને સંતાડવા માટે પવિત્ર આત્માની આજ્ઞા અનુસાર તેમણે અગાઉથી એક જગ્યા પણ તૈયાર કરી રાખી હતી. તે જગ્યાએ જવા માટે બ્રધર યુનને એક સાઇકલ આપવામાં આવી. જગ્યા બતાવવા માટે પરિવારની એક વ્યક્તિ યુનની સાઇકલની પાછળ બેસી ગઈ. અત્યાર સુધીમાં રેડિયો અને ટી. વી. દ્વારા ચીનની સૌથી સુરક્ષિત જેલ તોડીને એક કેદી ભાગી ગયો હોવાના માન્યામાં ન આવે તેવા સમાચાર પ્રસારિત થઈ ચૂક્યા હતા. યુનની અગાઉ કે હજી આજસુધી પણ કોઈ કેદી આ જેલમાંથી ભાગવામાં સફળ થયો નથી. મુખ્ય રસ્તાઓ ઉપર યુનને શોધવા પોલીસે નાકાબંધી કરી દીધી હોવાથી જ યુનને નાની નાની ગલીઓમાંથી સાઇકલ ઉપર સુરક્ષિત ઠેકાણે દોરી જવાનું પેલા પરિવારે ગોઠવ્યું હતું.

બ્રધર યુને સાઇકલને પેડલ મારીને જેવું થોડું અંતર કાપ્યું તેવું જ સવારથી પહેલી વાર તેમના ધ્યાનમાં આવ્યું કે ઈશ્વરે તેમના પગ અને પગના તળિયાને તદ્દન સાજાં કરી દીધા છે! સવારે ઊઠ્યા ત્યારે તો તેઓ ઊભા પણ રહી શકતા નહોતા કે એક ડગલું ચાલી પણ શકતા નહોતા. બ્રધર યુનનું સમગ્ર ધ્યાન ઈશ્વરની આજ્ઞા માનીને નાસી છૂટવામાં અને પીઠ ઉપર ગોળીબાર થવાની ક્ષણનો સાક્ષાત્કાર થવાની ઇંતેજારીમાં તથા પોતાના આત્માના બચાવ માટે પ્રાર્થના કરવામાં એટલું બધું એકાગ્ર થઈ ગયું હતું કે આ મહાન સાજાપણું તેમના ધ્યાન ઉપર જ આવ્યું નહોતું. સાજાપણાંની શક્તિનો સંચાર પણ તેમને મહેસૂસ થયો નહોતો.

સુરક્ષિત ઠેકાણે પહોંચી ગયા બાદ, એ જ દિવસે તેમની મુલાકાત તેમની પત્ની ડેલીંગ અને બાળકો સાથે થઈ. થોડા મહિનાઓમાં તેમને માટે મિત્રો દ્વારા પરિવાર સાથે જર્મની દેશમાં રાજકીય આશ્રિત તરીકે વસવાની ગોઠવણ કરવામાં આવી. તેમની પત્ની અને બાળકો ચીનની સરહદ ઓળંગીને મ્યાનમાર (બર્મા) પહોંચી ગયા. બ્રધર યુન પાછળથી ત્યાં પહોંચ્યા. જેલયાત્રાઓનો દોર હજી બ્રધર યુનના જીવનમાં સમાપ્ત થયો નહોતો. ડેલીંગ અને બાળકોને જવા દેવામાં આવ્યાં પણ બ્રધર યુનને બનાવટી ઓળખપત્ર ધરાવવા બદલ પકડીને જેલમાં પૂરી દેવામાં આવ્યા. તેમને સાત વર્ષની જેલની સજા થઈ. બ્રધર યુન બર્માની જેલના ઘણા કેદીઓને ખ્રિસ્તમાં દોરી લાવ્યા. ગીતો વડે તેમણે આ નવા વિશ્વાસી ભાઈઓને બાઇબલના અનેક શાસ્ત્રપાઠો શીખવાડ્યા અને તેમને શિક્ષણ આપ્યું.

જર્મન એમ્બેસીએ દરમ્યાનગીરી કરીને ફક્ત સાત મહિનામાં બ્રધર યુનને જેલમાંથી છોડાવ્યા અને જર્મની મોકલી દીધા. ચીન દેશમાં હજી આજની તારીખે પણ ફરાર અને વોન્ટેડ ગુનેગાર ગણાતા બ્રધર યુન જર્મનીમાં

રહીને 'બેક ટુ જેરૂશાલેમ મૂવમેન્ટ' નામની સુવાર્તિક સેવા સંસ્થા ચલાવે છે. ઘરની મંડળીઓના આ અભૂતપૂર્વ આગેવાન વિશ્વભરમાં ફરીને ઈસુનું રાજ્ય વિસ્તારતા એક પ્રખર સુવાર્તિક ગણાય છે. તેમના સંદેશા બુદ્ધિચાતુર્યથી ભરેલા હોતા નથી. જે લોકો ઈશ્વર ઉપર વિશ્વાસ રાખે છે તેમની ગમે તેટલી સતાવણી થાય તો પણ છેવટે તેમના વિશ્વાસનો વિજય થાય છે તે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભને કેન્દ્રસ્થાને રાખીને તેઓ સરળ સંદેશા આપે છે. હજુ આજે પણ પવિત્ર-આત્મા તેમને અનેક ચમત્કારિક લાગે તેવા બનાવોમાં દોરે છે. અગત્યના સમયે ઈશ્વર પિતા તેમને દર્શનો અને ચિહ્નો દ્વારા સૂચનાઓ આપે છે અને બનાવો દર્શાવે છે. આ 'સ્વર્ગીય માણસ' યુરોપ અને અમેરિકા સહિત જગતભરમાં જ્યાં કંઈ પવિત્ર આત્મા પ્રેરે ત્યાં જાય છે. અત્યંત સરળ અને ઈસુના પ્રથમ શિષ્યો સુવાર્તાની જેવી સમજણ ધરાવતા હતા તેવી આત્મિક અને સાત્વિક સમજ સાથે બ્રધર યુન લોકોને પ્રેમથી ખ્રિસ્તમાં દોરે છે.

બ્રધર યુન અને તેમના સાથીઓએ કોઈપણ પ્રકારનું ઈશ્વરવિદ્યાનું પદ્ધતિસર શિક્ષણ લીધું નથી. અરે, તેમને તો બાઇબલની એક નકલનાં પણ ફાંફાં હતાં. કંઠસ્થ કરેલી કલમો, સતત પ્રાર્થનાઓ અને પવિત્ર આત્માની સીધી દોરવણી હેઠળ જ તેમણે ખ્રિસ્તને સારુ સામ્યવાદી ચીન દેશમાં લાખો આત્માઓ જીત્યા છે. આ લોકોએ કોઈ જ સેમિનરીનો દરવાજો સુધ્ધાં કદી જોયો નથી. સેમિનરી એટલે શું એ પણ બ્રધર યુનને જર્મની આવ્યા બાદ ખબર પડી છે!

ચીનની બહારના ખ્રિસ્તી વિશ્વ અને મંડળીને બ્રધર યુન વિસ્મયપૂર્વક નિહાળે છે. ભવ્ય પ્રભુમંદિરો અને કન્વેન્શન સેન્ટરો જોઈને તેઓ કોઈક અજાણ્યા ખ્રિસ્તી માહોલમાં આવી ગયા હોય તેવું તેમને લાગે છે. તેમને માટે તો જેલ અને છુપાં ઘરો એ જ તેમની સેમિનરી અને પ્રભુમંદિરો છે. પવિત્ર આત્મા એ જ તેમનો શિક્ષક ગણો તો શિક્ષક, પાળક ગણો તો પાળક અને આગેવાન ગણો તો આગેવાન કે દોરનાર છે. આપણી ભજનસેવાઓ, મંડળીની વ્યવસ્થાઓ, ધાર્મિક પદવીઓ, ધાર્મિક ડિગ્રીઓ, જાત જાતની અને ભાત ભાતની સંગતો, સેમિનાર અને કોન્ફરન્સો જોઈને બ્રધર યુન કહે છે કે તમે સુવાર્તિકો, પાળકો અને આત્મિક શિક્ષણના અતિરેક હેઠળ દબાઈ ગયેલા ખ્રિસ્તીઓ છો. તમારી પાસે ભક્તિ કરવાની અનેક પદ્ધતિઓ અને આલીશાન સુવિધાઓ છે પણ ઈશ્વરના વચનના તીક્ષ્ણ સત્યનો અંશ બહુ જ ઓછો છે! જો કે ચીનના મોડેલ પ્રમાણેની ઘર મંડળીઓ તેના અનેક આત્મિક અને સામાજિક લાભોને કારણે આજે વિશ્વભરના ઘણા બધા સતાવણી વગરના દેશોમાં પણ પ્રચલિત થઈ ગઈ છે. આવી સંગતો કે મંડળીઓ પ્રણાલિકાગત મંડળીઓને વધુ બળવાન બનાવતી હોવાનું જોવા મળતાં ઘણી બધી મુખ્ય પ્રવાહની મંડળીઓ અને મિશનો તેને ટેકો આપે છે. આપવો જ જોઈએ.

ફક્ત અને ફક્ત પવિત્ર શાસ્ત્રના વાંચન, મનન અને પ્રાર્થના તથા પવિત્ર આત્મા ઉપર હરપળ અઢેલવા દ્વારા જ સાચું આત્મિક શિક્ષણ અને આત્મિક બળ પ્રાપ્ત થાય છે. ખ્રિસ્તી મંડળીને જોઈને બ્રધર યુન કહે છે કે, "જે ખ્રિસ્તી લોકોના છુટકારાના અધિકૃત પત્ર ઉપર ખુદ ઈસુએ હસ્તાક્ષર કર્યા છે, તેમાંના મોટા ભાગના લોકોને ગુલામીમાં જીવતા જોઈને મને અત્યંત દુઃખ થાય છે. જ્યારે તમને મુક્તિ મળી જ ગઈ છે ત્યારે તમારે એક મુક્ત વ્યક્તિ તરીકે જ જીવવું જોઈએ."

બ્રધર યુન દ્વારા અને તેમના પોતાના જીવનમાં થયેલા સાજાપણાં, જેલમાંથી છુટકારો, સતત અને સતત પવિત્ર આત્માનો અવાજ સંભળાવો અને દોરવણી પ્રાપ્ત થવી, સંદર્શનો થવા, આગોતરી જાણ થઈ જવી એ બધી બાબતોથી ખ્રિસ્તી વિશ્વ તાજુબ પામે છે પણ બ્રધર યુન અને ચીન દેશમાં તેમના દ્વારા ખ્રિસ્તમાં ઉમેરાયેલા લાખો વિશ્વાસીઓ માટે આ બધી બાબતો સ્વાભાવિક અને ખ્રિસ્તી જીવનના ભાગરૂપે પ્રત્યેક વિશ્વાસીને થતી અથવા થવી જોઈતી સામાન્ય બાબતો છે! તેઓ જે સુવાર્તા કંઠસ્થ કરીને લોકોમાં ફેલાવે છે તે સુવાર્તામાં આવું બધું બનતું જોવામાં આવે છે તો પછી એ જ સુવાર્તાને અનુસરનારા દરેક લોકોના જીવનમાં પણ આવી અસામાન્ય ઘટનાઓ શા માટે ન બની શકે? તેઓ ફક્ત નવા કરારના ખ્રિસ્તી ધર્મ અને આચરણને જાણે છે અને સમજે છે. ઈ-મેલ કે ટેલિફોન કરતા પણ પવિત્ર આત્માનું કમ્યુનિકેશન સંદેશા વ્યવહાર સ્પષ્ટ અને ઝડપી છે એમ તેઓ કહે છે. સાવ સામાન્ય કે નજીવું ભણતર ધરાવતા પણ પવિત્ર આત્માના ભરપૂરીપણાથી હરહંમેશ સળગતા રહેતા બ્રધર યુન જેવા પ્રભુના નમ્ર સેવકો આપણા ખ્રિસ્ત ઉપરના પ્રેમ,

વિશ્વાસ અને અરસપરસના આપણા વ્યવહારને જબરદસ્ત પડકાર આપી જાય છે. તેઓના બોલતાં જીવનોના પ્રકાશ હેઠળ આપણી આત્મિકતા અને આપણી ધાર્મિકતા તપાસવાની મહામૂલી તક આપણને આપે છે. ઈશ્વરનો પવિત્ર આત્મા આ જીવનોની વાતો દ્વારા આપણી સાથે વ્યવહાર કરવા માંગે છે અને આપણને ઉદ્ધારકર્તા ખ્રિસ્તની એક નવી જ ઓળખમાં લાવવા માંગે છે. પ્રભુ ઈસુનો એ ધીરો, મીઠો, પ્રેમી અવાજ શું આજે તમારા હૃદયને હચમચાવે છે?

ઉપર આલેખેલી તમામ વાતો બ્રધર યુને પોલ હાટ્ટવે સાથે મળીને લખેલી આત્મકથા 'ધી હેવનલી મેન'માં આપવામાં આવી છે. આ પુસ્તકને યુ.કે.માં વર્ષ ૨૦૦૩માં 'ક્રિશ્ચિયન બુક ઓફ ધ યર' અને ૨૦૦૪માં શ્રેષ્ઠ આત્મકથા 'બેસ્ટ બાયોગ્રાફી' તરીકે નવાજવામાં આવ્યું છે. બ્રધર યુનની પડકારદાયક સાક્ષી ઉપર તેમને કદીપણ રૂબરૂમાં નહીં મળેલા અને અંગત રીતે નહીં ઓળખતા તેમના પોતાના જ દેશના અને કોરિયા જેવા પરદેશના ધાર્મિક આગેવાનોએ કીચડ ઉછાળવાનો અને તેમની ઉપર અનેક તથ્યવિહીન તહોમતો મૂકવાનો નિમ્ન પ્રયાસ પણ કર્યો છે. જર્મનીમાં જ વસતા ટાઈટસ પેન ઉર્ફે લીન મૂશે નામના એક ચીનાએ અનેક ભાષામાં વેબસાઈટો બનાવીને બ્રધર યુન સામે જુઠ્ઠાણાં ચલાવ્યાં છે. ઈર્ષ્યા, અદેખાઈ, અટકચાળા અને વ્યર્થ ગોસિપથી પ્રેરાઈને કરવામાં આવેલા આવા હલકા પ્રયત્નોને વિશ્વભરના અનેક પ્રખર સુવાર્તિકોએ પડકાર્યા છે અને રદિયો આપ્યો છે. ચીનના આઠ અતિ પ્રતિષ્ઠિત અને આગેવાન પાળકોએ પણ સંયુક્ત રીતે આવી વાતોને વખોડી નાંખી છે. આ આગેવાનો કહે છે કે બાઇબલ અને નવા કરારમાં પ્રથમ ખ્રિસ્તીઓને થયેલા અનેક પ્રકારના આત્મિક અનુભવો નોંધવામાં આવ્યા છે તેવા જ અનુભવો બ્રધર યુનને થયા છે અને તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. પણ પાશ્ચાત્ય જગતમાં અને અન્ય દેશોમાં હાલના પાળકો, સુવાર્તિકો અને મિશનેરીઓને આવા અનુભવો થતા ન હોવાથી તેઓ બ્રધર યુનને જુઠ્ઠા ઠરાવવા પ્રયત્નો કરે છે!

આ બધા વિપરીત સંજોગો વચ્ચે પણ તદ્દન નિસ્પૃહ રહીને કોઈની પણ ઉપર કડવાશ રાખ્યા વગર બ્રધર યુન વહેલી સવારે ઊઠીને કલાકો સુધી પ્રાર્થના અને ભક્તિ કરીને પવિત્ર આત્માની દોરવણી હેઠળ સતત ઈસુના રાજ્યની વૃદ્ધિ કરવાના ઈસુના આદેશનું પાલન કર્યે જાય છે! બ્રધર યુને પોતાના વિરોધીઓને હૃદયપૂર્વક માફ કર્યા છે. તેમના ઉપર આક્ષેપો કરનારને વાહિયાત વાતોની ચર્ચા કરવામાં સમય બગાડવાને બદલે ફસલ લણવા માટે અસરકારક મજૂરો બની ખોવાયેલાંઓને બચાવવા સારુ તેઓ ઉત્તેજન આપે છે. તેમના વિષે જુઠ્ઠાણાં ફેલાવનારા ધાર્મિક તત્ત્વો માટે બ્રધર યુન કહે છે કે, "તેઓ નિયમશાસ્ત્રના ઉપદેશક થવા ચાહે છે, પણ પોતે શું કહે છે અથવા જે વિષે તેઓ ખાતરીપૂર્વક બોલે છે તે તેઓ પોતે સમજતા નથી".(૧ તિમો.૧:૭) બ્રધર યુન કે તેમની પત્ની અને બાળકો પાસે પોતાની કાર સુદ્ધાં નથી. કોઈ જ અંગત બચત નથી. ભૌતિક વાનાંઓથી તેઓ કુદરતી રીતે જ કદીએ આકર્ષાતા નથી. આખાયે પરિવારની જીવનશૈલી અને વર્તન વ્યવહાર બાઇબલના શિક્ષણ અનુસાર છે. હાલ એકસઠ વર્ષના બ્રધર યુન અને તેમનો પરિવાર પવિત્ર આત્માના પરાક્રમથી ખ્રિસ્તના રાજ્યની સેવા વિશ્વભરમાં અવિરત કર્યે જાય છે!✍

**જોસેફ બેન્જામીન**